# Day to Day Current Affairs

14. March 2016

## ૧. ગુજરાત યુનિપદવીદાન સમારોહ :

- ગુજરતમાં યુનિવર્સિટીનો64મો પદવીદાન સમારોહ યોજાયો.
- મુખ્ય મહેમાન તરીકે રાજ્યપાલ શ્રી ઓપી.કોહલીએ હાજરી આપી હતી.
- ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ: એમ.એન.પટેલ

## ૨. હંસલા – ગુજરાતી લોકગીત :

- ગુજરાતી લોકગીત હંસલાની સૌપ્રથમ વખત ગ્લોબલ ઇન્ડિયન મ્યુઝિક એવોર્ડ 2016 નોન ફિલ્મી કેટેગરીમાં પસંદગી થઇ
- મૂળ સુરેન્દ્રનગરના આદિત્ય ગઢવીના કંઠે ગવાયેલુ અને યુવા ગુજરાતી સંગીતકારો દ્વારા ગીત તૈયાર કરાયુ છે
- આ વર્ષે બેસ્ટ, ટ્રેડિશનલ ફોક સીંગલ કેટેગરીમાં અલગ-અલગ પાંચ રાજ્યોની પસંદગીમા આ ગુજરાતી ગીતને સ્થાન મળ્યુ છે
- ગીતના શબ્દો : ‘ હંસલા હાલે ને હવે ..........

  મોતીડા નહી રે જડે.......’
- આગામી 26 માર્ચના રોજ એવોર્ડનું ફાઇનલ પરિણામ જાહેર થશે.

## ૩. ભારતીય મૂળના ડૉપુર્ણાનંદને મોરિશિયસનું સર્વોચ્ચ સન્માન

- 12 માર્ચ 2016ના રોજ મોરિશિયસ આઝાદી દિવસના ઉપલક્ષે મોરિશિયસના રાષ્ટ્રપતિ દ્વારા ભારતીય મૂળના ડૉપુર્ણાનંદને સર્વોચ્ચ નાગરીક સન્માન ‘ ઓર્ડર ઓફ ધ સ્ટાર એન્ડ કી ઓફ ધ ઇન્ડિયન ઓશન’ થી સન્માનીત કરવામાં આવ્યા.
- ડૉ. પુર્ણાનંદા ગુજરાત આયુર્વેદ યુનિ.ના ભુતપૂર્વ વિદ્યાર્થી છે
- હાલમાં તેઓ મોરિશિયસના વડાપ્રધાનના આયુર્વેદના ખાસ સલાહકાર છે.

## ૪. વિજેન્દર – બોકસર :

- ભારતીય બોકસર વિજેન્દરે હંગેરીના એલેકઝાન્ડર હોરવાથાને હરાવી પ્રોફેશનલ બોક્સિંગમાં સતત ચોથી જીત મેળવી હતી
- વિજેન્દર આ જીત ભારતીય સેનાના શહિદોને સમર્પિત કરી હતી જેમણે પઠાણકોટ આંતકવાદી હુમલામાં દેશ કાજે જીવ ગુમાવ્યુ હતો

<u>પ્રશ્નો</u>

૧. માર્ચ 2016માં ગુજરાત યુનિવર્સિટીનો કેટલામો પદવીદાન સમારોહ યોજાયો ? 64 મો

૨. ગુજરાત યુનિવર્સિટીના કુલાધિપતિ?
   રાજ્યપાલ શ્રી ઓમ પ્રકાશ કોહલી

૩. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ? એમ.એન.પટેલ

૪. કયુ ગુજરાતી લોકગીત ગ્લોબલ ઇન્ડિયન મ્યુઝિક એવોર્ડ 2016માં નોમિનેટ થયુ ? ‘ હંસલા’

૫. ‘હંસલ’માં ક્યાં ગુજરાતી કલાકારે પોતાનો સ્વર આપ્યો છે ? આદિત્ય ગઢવી

૬. ક્યાં મૂળા ભારતીયને મોરિશિયસનુ સર્વોચ્ચ સન્માન મળ્યુ? ડૉ. પુર્ણાનંદ

૭. વિજેન્દર કઇ રમત સાથે સંકળાયેલ છે ? પ્રોફેશનલ બોક્સિંગ

Vivekanand Academy, Gandhinagar